# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

**1)** કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે આણંદમાં NDDBની સ્થાપનાનાં 60 વર્ષની ઉજવણી સમારોહમાં ઉપસ્થિત રહેશેઃ ગાંધીનગરમાં હોમગાર્ડના વડાઓની 14મી રાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કરશે

**2)** વિભાજ્ય પુલમાંથી રાજ્યોને વહેંચવામાં આવતો હિસ્સો હાલનાં 41 ટકાથી વધારીને 50 ટકા કરવાની રાજ્ય સરકારની કેન્દ્રીય નાણા પંચ સમક્ષ માંગ

**3)** આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ગુજરાતને રાષ્ટ્રીય જળ પુરસ્કાર એનાયત કરાશે.

**4)** મકાન કે દુકાનના ભાડુઆતોનું વેરિફિકેશન ન કરાવનાર બે હજાર 515 માલિકો સામે ગુનો દાખલ

**5)** રાજ્યમાં બે દિવસ હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી

**6)** રણજી ટ્રોફીમાં ગુજરાત અને વડોદરાનો સતત બીજો વિજય થયો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Amit Shah in Gujarat

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે આણંદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. આજે સવારે તેઓ રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ-NDDBની સ્થાપનાનાં 60 વર્ષની ઉજવણી અને ત્રિભુવનદાસ પટેલની જન્મજયંતી નિમિત્તે આણંદનાં NDDB ઓડિટોરિયમ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ NDDBના ત્રણ નવા પ્રોજેક્ટનો પણ શુભારંભ કરાવશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મત્સ્યપાલન અને પશુપાલન મંત્રી રાજીવ રંજન સિંહ, રાજ્યકક્ષાના મંત્રીઓ એસપી સિંહ બઘેલ અને જ્યોર્જ કુરિયન પણ ઉપસ્થિત રહેશે.

આ અંગે વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા..

## (બાઈટ પરેશ મકવાણા)

બપોરે શ્રી શાહ ગુજરાત વિધાનસભા ગૃહ ખાતે સચિવાલય વિભાગોનાં વિવિધ અધિકારીઓ માટે આયોજિત એક દિવસનાં લેજિસલેટિવ ડ્રાફ્ટિંગ ટ્રેઇનિંગ પ્રોગ્રામમાં હાજરી આપશે. ત્યારબાદ તેઓ ભારતીય જનતા પાર્ટીનાં ગાંધીનગરનાં નવીન કાર્યાલયનું ખાતમૂહુર્ત કરશે. સાંજે તેઓ મહાત્મા મંદિર ખાતે 14મા અખિલ ભારતીય હોમગાર્ડ અને નાગરિક સુરક્ષા સંમેલનમાં હાજરી આપશે.

ત્યારબાદ કડી સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતે નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજનાઓ અંતર્ગત શિષ્યવૃત્તિ વિતરણ કરશે.

---

- યાદી, પીટીસી, આણંદ, રીપીટ, અનિલ પટેલ - -(NAVIN)

# Amit Shah Home guards conference

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગાંધીનગરમાં નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડના વડાઓની 14મી રાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કરશે. મહાત્મા મંદિર ખાતે આયોજિત આ પરિષદમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડના 60થી વધુ વરિષ્ઠ અધિકારીઓ તેમજ 1200 થી વધુ માનદ સભ્યો ભાગ લેશે.

સંરક્ષણ અને હોમગાર્ડના મહાનિદેશક વિવેક શ્રીવાસ્તવે જણાવ્યું કે, આ પરિષદમાં મુખ્યત્વે મોડેલ હોમગાર્ડ બિલ તેમજ નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ દળોની નીતિ ઉપર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત ટેકનોલોજી અને આધુનિકતાના મદદથી બંને દળોની કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવવા પર આ પરિષદમાં ચર્ચા થશે.

ઉલ્લેખનીય છે કે 19 વર્ષ બાદ દેશમાં આ પરિષદનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જ્યારે ગુજરાતમાં પ્રથમ વાર તેનું આયોજન થઈ રહ્યું છે. રાજ્યના આશરે ૪૦ હજારથી વધુ હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ દળના ૧૧ હજારથી વધુ જવાનો આ કોન્ફરન્સને વંદે ગુજરાત ચેનલ દ્વારા લાઈવ નિહાળશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે.

-------------------------------------------------------------------

- રિપીટ અનિલ

-(NAVIN)

# Fianance commission

ગુજરાતની રાજકોષીય ખાધ ત્રણ ટકાની મર્યાદામાં છે અને છેલ્લાં બે દાયકાથી રાજ્યની નાણાકીય સ્થિતિ મજબૂત છે એમ ૧૬માં નાણા પંચનાં અધ્યક્ષ ડૉક્ટર અરવિંદ પનગઢિયાએ જણાવ્યું હતું. ગુજરાતની મુલાકાતે આવેલા ડોક્ટર પનગઢિયાએ ગઇ કાલે ગુજરાતની આર્થિક પ્રગતિની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં જ્યારે સમગ્ર દેશનો વાસ્તવિક જીડીપી વૃધ્ધિ દર સરેરાશ ૬ ટકા જેટલો રહ્યો છે તેની સામે ગુજરાતનો સરેરાશ વૃધ્ધિ દર ૮.૫ ટકાનો છે.

ગુજરાત સહિતનાં જે રાજ્યો રાજકોષીય શિસ્ત જાળવી રાખે છે તેમને નાણા પંચ દ્વારા પુરસ્કાર આપવો જોઇએ એમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૬માં નાણા પંચ સાથેની બેઠકમાં જણાવ્યું હતું. રાજ્ય સરકારે વિભાજ્ય પુલમાંથી રાજ્યોને વહેંચવામાં આવતો હિસ્સો હાલનાં 41 ટકાથી વધારીને 50 ટકા કરવાની માંગણી કરી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, નાણા પંચે ભંડોળ ફાળવણીમાં ગુજરાતમાં તેજીથી વધતા શહેરીકરણ અને ગ્રામીણ વિસ્તારોના આદિજાતિ સમુદાયોની અલગ જરૂરિયાતો અને વાસ્તવિકતાઓને કેન્દ્રમાં રાખવી જરૂરી છે.

દરમિયાન, ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસનાં પ્રતિનિધીમંડળે નાણા પંચનાં સભ્યોને મળીને પોતાની રજૂઆત કરી હતી.

ભારતીય જનતા પાર્ટીના મુખ્ય પ્રવકતા યમલ વ્યાસે ગુજરાતના વધુ નાણા ફાળવવાની માંગણી કરી હતી.

Byte Yamal Vyas

વિરોધ પક્ષ કોંગ્રેસ તરફથી પૂર્વ કેબિનેટ મંત્રી જયનારાયણ વ્યાસે ગુજરાત જેવા વિકસિત રાજ્યને 50 ટકા ફંડ આપવાની તથા રાજ્ય અને સ્થાનિક સંસ્થાઓને સીધી ગ્રાન્ટ આપવા રજૂઆત કરી હતી

Byte Jaynaraya Vyas

---------------------------------------------------------------------

- -યાદી અનિલ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# PRESIDENT WATER AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર 2023 એનાયત કરશે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રીએ નવ શ્રેણીમાં 38 વિજેતાઓની જાહેરાત કરી છે. સર્વશ્રેષ્ઠ રાજ્યની શ્રેણીમાં ગુજરાત તેમજ પુડુચેરીને સંયુક્ત રીતે ત્રીજો પુરસ્કાર મળ્યો છે.

પહેલો પુરસ્કાર ઓડિશાને મળ્યો છે. જ્યારે ઉત્તરપ્રદેશને બીજો પુરસ્કાર મળ્યો છે. દરેક વિજેતાઓને એક પ્રશસ્તિપત્ર અને વિજયચિહ્નની સાથે અનેક શ્રેણીઓમાં રોકડ પુરસ્કારથી પણ સન્માનિત કરાશે.

---

- પૂલ – સુનિતા

-(NAVIN)

# TENANT POLICE VERIFICATION

મકાન કે દુકાન ભાડે આપ્યા બાદ પોલિસ ચોપડે તેની નોંધણી કરાવવી ફરજિયાત છે. રાજય પોલિસ વડાના હુકમથી 13 ઓક્ટોબરથી ઝૂંબેશ ચાલી રહી છે, જેમાં ભાડે આપેલી મિલકતો અંગે તપાસ કરવામાં આવી રહી છે. ઝૂંબેશ દરમિયાન પોલિસે છ દિવસમાં 30 હજારથી વધુ ભાડુઆતોની તપાસ કરી હતી, જેમાંથી પોલિસને જાણ નહીં કરનાર બે હજાર 515 માલિકો સામે ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં આવી છે.

આ ઝૂંબેશ 27 ઓક્ટોબર સુધી ચાલશે. એક યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, નાગરિકો ઘેર બેઠાં સિટિઝન ફર્સ્ટ એપ પર પોલિસને ભાડુઆત અંગેની જાણ કરી શકે છે.

---

- -ડેસ્ક અનિલ

-(NAVIN)

# Rain

અરબી સમુદ્રમાં હળવું દબાણ સક્રિય બનતાં ગુજરાતમાં બે સિસ્ટમ એક સાથે સક્રિય હોવાથી રાજ્યમાં અનેક સ્થળોએ વરસાદ પડ્યો હતો. ગઈકાલે રાજ્યનાં 46 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ અઢી ઇંચ વરસાદ સુરતના કામરેજ તાલુકામાં પડ્યો છે. દ્વારકા અને રાણાવાવ તાલુકામાં આશરે દોઢ ઇંચ અને ભાવનગરના ઘોઘા અને જુનાગઢના કેશોદમાં એક એક ઇંચ વરસાદ પડ્યો છે. બનાસકાંઠા જિલ્લાના અંબાજી, ધાનેરા, થરાદ, લાખણી અને ડીસા વિસ્તારના કેટલાક ગામડાઓમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા.

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે અને આજે સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં છુટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

---

- પીટીસી બનાસકાંઠા, નિકીતા- -(NAVIN)

# Kheda Bank NPA Award

ખેડા જિલ્લાના નડિયાદ ખાતે આવેલી, ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિમિટેડને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં બેંકની NPAમાં નોંધપાત્ર ઘટાડો કરવા બદલ સમગ્ર દેશની જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની કેટેગરીમાં બેસ્ટ NPA મેનેજમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

લખનૌમાં આયોજિત નેશનલ કો ઓપરેટિવ બેન્કિંગ સમિટ અને Frontiers In Cooperative Banking Awards- FCBA માં આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. બેન્કનાં ચેરમેન તેજસ પટેલે બેન્કની કામગીરીની વિગતો આપીઃ

(Byte Tejas Patel)

----------------------------------------------------------------------

- -NDMS અનિલ

-(NAVIN)

# RANJI TROPHY

રણજી ટ્રોફીમાં ગુજરાત અને વડોદરાનો સતત બીજો વિજય થયો છે.

ગુજરાત – આંધ્રપ્રદેશ વચ્ચે રમાયેલી મેચમાં ગુજરાતે પ્રથમ ઇનિંગમાં 367 રન કર્યા હતા. આંધ્રપ્રદેશે પ્રથમ ઇનિંગમાં 213 અને બીજી ઇનીંગમાં 297 રન કરી ગુજરાતને જીત માટે 144 રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

ગુજરાતે બીજી ઇનીંગમાં શરૂઆતમાં માત્ર 69 રનમાં 6 વિકેટો ગુમાવી હતી. બાદમાં ચિંતન ગજા અને જયમીન પટેલે નિર્ણાયક ભાગીદારી નોંધાવતા 58 રન કર્યા હતા. અંતમાં ગુજરાતનો એક વિકેટથી રોમાંચક વિજય થયો હતો.

બરોડા સર્વિસીસ વચ્ચેની મેચમાં બરોડાએ જીત માટે આપેલા 341 રનના લક્ષ્યાંક સામે સર્વિવીસ 275 રને ઓલ આઉટ થતાં બરોડાનો વિજય થયો હતો.

છત્તીસગઢ – સૌરાષ્ટ્ર વચ્ચેની મેચ ડ્રો રહી હતી. આ મેચમાં સૌરાષ્ટ્રના ચેતેશ્વર પુજારાએ 18મી બેવડી સદી ફટકારી હતી.

---

- ન્યુઝ પેપર, નિકીતા - -(NAVIN)